# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com  web :-www.suratdeo.or


તા. ૧૦/૦૬/૨૦૨૫

જા.નં.મા-૨/૨૦૨૫/ 6810

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,તમામ
સુરત.જિ.સુરત

**વિષય**:- "સંસ્કાર અને મૂલ્ય આધારિત શિક્ષણ તથા સર્વાંગી સ્વાસ્થ્ય" વિષય ઉપર સન્માનનીય રાજયપાલશ્રીનું વકતવ્ય નિહાળવા બાબત.

**સંદર્ભ**:- ગુજરાત માદયમિક અને ઉચ્ચતર માદયમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરનો તા.૧૦/૦૬/૨૦૨૫નો પત્ર અન્વયે.

આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના પત્ર ક્રમાંક નંબર:મઉમશબ/સંશોધન/૨૦૨૫/૧૫૯૦-૧૬૨૪ તા.૧૦/૦૬/૨૦૨૫ના પત્ર અન્વયે "સંસ્કાર અને મૂલ્ય આધારિત શિક્ષણ તથા સર્વાંગી સ્વાસ્થ્ય" વિષય ઉપર તા.૧૨/૦૬/૨૦૨૫ના રોજ સવારે ૧૧ : ૦૦ કલાકે બાયસેગનાં માધ્યમથી વંદે ગુજરાત ચેનલ નંબર-૯ પર સન્માનનીય રાજયપાલશ્રી વકતવ્ય આપનાર હોઇ દરેક શાળાએ તેમના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો સદર કાર્યક્રમ નિહાળી શકે તેવું આયોજન શાળા કક્ષાએ કરવાનું રહેશે. આ કાર્યક્રમ પૂર્ણ થયેથી કાર્યક્રમ નિહાળતા વિદ્યાર્થીઓના ફોટોગ્રાફસ અને કાર્યક્રમ નિહાળનાર વિદ્યાર્થીઓ અને શિક્ષકોની આંકડાકીય વિગતો **SVS** કન્વીનરશ્રીને મોકલી આપવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2025/1590-1624
ગુજરાત માધ્યમિક અને,
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.10/06/2025

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય :- "સંસ્કાર અને મૂલ્ય આધારિત શિક્ષણ તથા સર્વાંગી સ્વાસ્થ્ય" વિષય ઉપર સન્માનનીય રાજ્યપાલશ્રીનું વક્તવ્ય નિહાળવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સન્માનનીય રાજ્યપાલશ્રી ગુજરાત રાજ્યની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે "સંસ્કાર અને મૂલ્ય આધારિત શિક્ષણ તથા સર્વાંગી સ્વાસ્થ્ય" વિષય પર તા.12/06/2025ના રોજ સવારે 11.00 કલાકે વક્તવ્ય આપવાના છે. જેનું પ્રસારણ બાયાસેગના માધ્યમથી વંદે ગુજરાત ચેનલ નંબર-9 પરથી કરવામાં આવનાર છે.

ઉક્ત કાર્યક્રમ તમામ વિદ્યાર્થીઓ તથા શિક્ષકો નિહાળી શકે તે માટે આપના જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જરૂરી વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે. આ કાર્યક્રમ પૂર્ણ થયેથી કાર્યક્રમ નિહાળતા વિદ્યાર્થીઓના ફોટોગ્રાફ્સ અને કાર્યક્રમ નિહાળનાર વિદ્યાર્થીઓ અને શિક્ષકોની આંકડાકીય વિગતો અત્રે મોકલી આપવાની રહેશે.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

સવિનય નકલ રવાના :-

- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

D:\BISAG\leter to Bisag.docx